## સંક્ષિપ્ત સમાચાર

### હિંમતનગરમાંથી ગંજીપાનાનો જુગાર રમતા ચાર જુગારીઓ પકડાયા

હિંમતનગરની હાથમતી નદી કિનારે આવેલ ગરીબ આવાસ યોજનાના મકાન પાછળથી મંગળવારે મોડી સાંજે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે ગંજીપાનાનો જુગાર રમતા ચાર જુગારીઓને રૂ. ૧૦,૪૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

ગરીબ આવાસ યોજનાના મકાનો પાછળ કેટલાક શખ્સો ગંજીપાનાનો જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. જે આધારે પોલીસે મંગળવારે મોડી સાંજે રેડ પાડી જુગાર રમતા સરફરાજ અબ્દુલસતારભાઈ શેખ (રહે. હસનનગર), સલીમભાઈ રજ્જાકભાઈ પઠાણ (રહે. હાજીપુરા, હિંમતનગર), મુસ્તાકશા કાલુશા દીવાન (રહે. હસનનગર), સલીમભાઈ બશીરભાઈ કાજી (રહે. હાજીપુરા, હિંમતનગર)ને રૂ. ૧૦,૪૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

### હિંમતનગરના પૃથ્વીનગરના મકાનમાંથી ૧.૩૯ લાખના દાગીના ચોરાયા

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં તસ્કર ટોળકીએ પોલીસને પડકાર પેંક્યો હોય તેમ ઉપરાછાપરી ચોરીની ઘટનાઓને અંજામ આપી રહી હોવા છતાં પોલીસ તંત્ર આ તસ્કર ટોળકીનું પગેરું શોધવામાં સરેઆમ નિષ્ફળ નીવડી છે. ત્યારે સોમવારે રાત્રે અજાણ્યા શખ્સોએ મોતીપુરા વિસ્તારમાં આવેલ પૃથ્વીનગર સોસાયટીના એક મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી અંદાજે ૧,૩૯,૭૫૦ની મતા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે મકાન માલિકે મંગળવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પૃથ્વીનગર સોસાયટીમાં રહેતા ગોમાજી કોદરજી મકવાણાના ઘરમાંથી રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી તિજોરીના ડ્રોવરમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે રૂ. ૧,૩૯,૭૫૦ની મતાની ચોરી કરી ભાગી ગયા હતા.

### ભિલોડામાં સંસ્કાર ટેનામેન્ટમાં તસ્કરો ત્રાટક્યા

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં સંસ્કાર ટેનામેન્ટમાં બંધ મકાનમાં મધ્યરાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.સોના-ચાંદીના ઘરેણાં સહિત રોકડા રૂપિયા કુલ મુદ્દામાલની કિંમત રૂા.૧,૩૬,૯૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકામાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકામાં તસ્કર રાજ હોય તેમ લોકમુખે ચર્ચાય છે. ફુલગુલાબી ઠંડીમાં તસ્કરોને મોકળુ મેદાન. ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ સંસ્કાર ટેનામેન્ટમાં મકાન ધરાવતા નટવરભાઈ મંગળાજી ડામોરના બંધ મકાનના મુખ્ય પ્રવેશ ધ્વારના દરવાજાના આગરાના નકુચા તોડી નાખી તસ્કરોએ મકાનમાં પ્રવેશ કરી ઘર વખરીનો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. લોખંડના તિજોરી-કબાટમાંથી સોના-ચાંદીના ઘરેણાં, રોકડા રૂપિયા સહિત કુલ મુદ્દામાલની કિંમત રૂા.૧,૩૬,૯૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.

### બિનઅધિકૃત રીતે ખનિજ વહનના મામલે ૫ વાહનો સીઝ કરાયા

હિંમતનગરમાં મોતીપુરા ચોકડી પરથી રવિવારે તેમજ ઈડર તાલુકાના શેરપુર ગામ નજીકની ઘઉંવાવ નદીના પટમાંથી મંગળવારે ખાણ-ખનિજ વિભાગની ટીમે ચેકીંગ ઝૂંબેશ દરમિયાન બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા બે ટ્રક તેમજ રેતી ભરવા આવેલા ત્રણ ટ્રેક્ટરોને ઝડપી લઈ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાણ-ખનિજ વિભાગે બે ટ્રકોને હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશન હવાલે તેમજ ત્રણ ટ્રેક્ટરોને શેરપુર ગ્રામ પંચાયત હવાલે મુકાવ્યા છે.

ખાણ-ખનિજ વિભાગની ટીમ દ્વારા જિલ્લાના વિવિધ સ્થળોએ થતી ખનિજ ચોરી અને બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા વાહનચાલકો વિરુદ્ધ ચેકીંગ ઝૂંબેશ ચલાવાઈ રહી છે. જેમાં વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર કે. કે. વ્યાસ અને સર્વેયર જે. પી. ઓઝાની ટીમે હિંમતનગર તેમજ ઈડર તાલુકાના શેરપુર ખાતે ચેકીંગ હાથ ધર્યું હતું. રવિવારે હિંમતનગરના મોતીપુરા ચોકડી પરથી ખાણ-ખનિજ વિભાગની ટીમે બે ટ્રકોને બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા ઝડપી લીધા હતા અને બંને ટ્રકોને હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશન હવાલે મુકાવ્યા હતા. જ્યારે તંત્ર દ્વારા શેરપુર ગ્રામ પંચાયતની ફરિયાદ અન્વયે ચેકીંગ હાથ ધરાતા મંગળવારે શેરપુર નજીકની ઘઉંવાવ નદીના પટમાંથી બનઅધિકૃત રીતે ખનિજ ભરવા આવેલા નંબર વિનાના નવા ત્રણ ટ્રેક્ટરોને સીઝ કરી ત્રણેય વાહનો શેરપુર ગ્રામ પંચાયતના હવાલે મુકાયા છે.

### તન-દુરસ્તી (૪ પાનાનું ચાલુ...)

હોય પણ લોહી અથવા વીર્ય થી બીજાને થવાની શક્યતા ઓછી છે.હવે બીજો અગત્યનો ટેસ્ટ છે VDRL એવુજ અગત્યનું માર્કર છે HCV (HEPATAITIS-C) પછી RUBELLA...VDRL એ બંનેનો કરાવી લેવો એ જરૂરી છે.VDRL બંનેના NEGATIVE હોવા એ પણ જરૂરી છે. HCV(HEPATAITIS-C) VIRUS પણ NEGATIVE હોવા જોઈએ. RUBELLA ને સામાન્ય રીતે પુરૂષો કરતા સ્ત્રીઓમાં વધારે થતો હોય છે. અને એ PREGNANCY માટે ગંભીર છે એવોજ અગત્ય નો VIRUS છે HERPIS VIRUS જેનાથી PREGNANCY તેનો ગાળો પૂરો કરી શક્તિ નથી.એટલે કે આ VIRUSના લીધે AUTO ABORTION થઈ જાય છે. અરે...ભાઈ જરા સરખી રીતે કહો આતો બહુજ COMPLICATED છે. જરા સુર મેં ભોંકો. લ્યો તારે તો સૌથી પહેલા લગ્નની કુંડળી જોવડાવો. માનવું ના માનવું તમારા હાથ માં છે. પછી અગત્યના ટેસ્ટ નીચે મુજબના કરાવા જોઈએ.

1) HBTCDCESR
2) HB-ELECROPHORESIS
3) HIV 1&2 (ANTIGEN &ANTIBODY)
4) HBsAg(ULTRA)
5) FBS/PPBS
6) RUBELLA IgG & IgM
7) VDRL
8) HCV
9) X-RAY (CHEST)
10) SONOGRAPHY OF ABDOMAN અને જરૂરી હોય તો FULL BODY CITYSCAN અને વધારે આગળ જવું હોય તો FULL BODY PET SCAN જે હવે નવોજ ટેસ્ટ છે જેનાથી શરીરમાં કોઈ પણ જગ્યા એ CANCER છે તેની ખબર પડે છે

આ બધું કર્યા પછી પણ અગત્યની વસ્તુ એ છે કે મનમેળ, આત્માનો મેળ અને પછી તનનો મેળ અને તેનાથી વધારે એકબીજા પ્રત્યે આદરભાવ, સન્માન, સહનશીલતા, પ્રેમ જે શરૂઆત માં હોય છે પણ સમય જતા ઓગળી જાય છે.માટે બધુજ મળે છતાં પણ બંને ના પ્રેમ અખંડ રહે માટે સહનશીલતા એ અગત્યનો ટેસ્ટ છે. જે બંને એ અનુભવવાનું હોય છે અને કોઈપણ સંજોગોમાં એને પૂરો કરવાનો છે જેને લગ્ન કરવાના છે. તેમને એકબીજાને સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે કોઈપણ પ્રશ્ન હોય તો અમને પુછજો...

# મોડાસાના ચાંદટેકરીમાં દૂધ કોલ્ડ્રીંક્સ પિતા ૭૫ને ફૂડ પોઈઝનીંગ

મોડાસા. તા.૨૪ અરવલ્લી જિલ્લાના મોડાસાના ચાંદ ટેકરી વિસ્તારમાં આજે વહેલી સવારે મુસ્લિમ બિરાદરોએ ઈદ એ મિલાદના દિવસે નિયાઝમાં બનાવેલ દૂધ કોલ્ડ્રીંક્સ અને નિયાઝ આરોગ્યા બાદ ૭૫ લોકોને ફૂડ પોઈઝનીંગની અસર થતા યુવાનો, બાળકો સહિત વૃદ્ધોને ઝાડા-ઉલટીની અસર થતાં દોડધામ મચી ગઈ હતી. અને તમામ લોકોને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર બાદ રાહત મળી હતી. જયારે ત્રણ લોકોને વધુ અસર થતાં તાબડતોબ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વે હાથ ધરાયો હતો.

મોડાસા શહેરના ચાંદ ટેકરી વિસ્તારમાં ગુરુવારે ઈદે મિલાદના તહેવાર નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ નિયાઝનો કાર્યક્રમ યોજ્યો હતો અને પ્રાથમિક શાળાનાં પટાંગણમાં યોજાયેલ નિયાઝમાં ચાંદ ટેકરી વિસ્તારનાં લોકોએ આજે વહેલી સવારે ઈદ મુબારક પાઠવી નિયાઝમાં બનાવેલ દૂધ બનાવટની દૂધ કોલ્ડ્રીંક્સમાં સૂકા મેવા અને અલગ અલગક એસેન્સ નાખી બનાવવામાં આવ્યું હતું. જે અબાલ, બાળકો, વૃદ્ધો સહિતના લોકોએ પીતા થોડાક જ સમયમાં નિયાઝમાં પીધેલ કોલ્ડ્રીંક્સની ઝેરી અસર જોવા મળતા ૭૫થી વધુ લોકોને ઝાડા ઉલટીની અસર થતાં દોડધામ મચી હતી. ફૂડ પોઈઝનીંગની અસર હેઠળના લોકોએ મોડાસાના કડીયાવાળા વિસ્તારમાં આવેલા બે દવાખાના અને અન્ય હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી. ત્રણ લોકોને વધુ અસર થતાં મોડાસા નગરપાલિકાની એમ્બ્યુલન્સ દ્વારા તાબડતોબ મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઘટનાની જાણ ચાંદ ટેકરીના હુસેન મુસતાનીએ જિલ્લા આરોગ્ય વિભાગને કરતાં અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગે સર્વેની કામગીરી હાથ ધરી ફૂડ પોઈઝનીંગની અસર પામેલા લોકોની સારવાર હાથ ધરી હતી.







અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખનો ભિલોડામાં વિજય સરઘસ કઢાયું હતું. અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીના સમર્થકો અને ટેકેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. ડી.જે.ના તાલે કોંગ્રેસના કાર્યકરો, હોદ્દેદારો ઝુમી ઉઠ્યા હતા. આ પ્રસંગે ડૉ.અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય, અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય લાલજીભાઈ બોડાત, ડૉ.કિશોરભાઈ ડામોર, ડિમ્પલબેન ગુર્જર, વિનોદભાઈ બરંડા, કાંતીલાલ હોથા, ભરતભાઈ ત્રિવેદી, સતિષભાઈ લક્ષ્ઠા સહિત અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કોંગ્રેસના અગ્રણી હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં વિજય સરઘસમાં જોડાયા હતા. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની કિશનગઢ જીલ્લા પંચાયત સીટ ઉપરથી રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીનો જ્વંલત જંગી બહુમતી વિજય થયેલ હતો. અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ પદે રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીનું નામ જાહેર થતાં ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી હતી.



### પ્રાંતિજ ખાતે ઈદ-એ-મિલાદ નિમિત્તે ભવ્ય જુલુસ નીકળ્યું

ઈસ્લામ ધર્મના મહાન પયંગબર હઝરત મોહંમદ સાહેબનો જન્મદિન ઈદે મિલાદ પારંપારિક ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો. મુસ્લિમ વિસ્તારોમાં પાણીની પરબ અને રાત્રે વાયઝ તથા મિલાદના કાર્યક્રમો સહિત ભવ્ય આયોજન થયા હતા.

### ગંભીર બિમારીથી... ● છેલ્લા પાનાનું ચાલુ

કરાયું હતું. આ સ્થિતિમાં ડ્રોપ લેવાનું વિચારતા ધૃમિલને સહજાનંદ સ્કુલના જીગ્નેશ પટેલ, રોહીત રાવળ તેમજ કેમેસ્ટ્રીના શિક્ષક જયેશ મેવાડાએ હિંમત અને પ્રોત્સાહન આપી બોર્ડની કસોટી પાર કરવા સલાહ આપી હતી. ધૃમિલે પણ હિંમત દાખવી પરીક્ષા આપવાની તૈયારી દર્શાવતા શાળાના શિક્ષકોએ વધારાના વર્ગો શરૂ કરી ધૃમિલને પરીક્ષાલક્ષી તૈયારી કરાવી હતી. સેમેસ્ટર-૩માં ધૃમિલે ગણિતમાં ૧૦૦ ગુણ, ભૌતિકશાસ્ત્રમાં ૯૩ અને રસાયણવિજ્ઞાનમાં ૮૯ ગુણ પ્રાપ્ત કર્યા છે. ધૃમિલના મતે શિક્ષણક્ષેત્રે અનામત હોવું ન જોઈએ પણ અનામતને આર્થિક દષ્ટિએ સ્થાન મળવું જોઈએ. ધૃમિલના પિતા જયેશભાઈ સિવિલ કોન્ટ્રાકટર છે જયારે માતા ભારતીબેન પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. ધૃમિલ પોતાના ઉજજવળ પરિણામ માટે શાળાના શિક્ષકોનો આભાર માને છે.

### રેલ યાત્રા મોંઘી... ● પહેલા પાનાનું ચાલુ

છે. જ્યારે સેકન્ડ ક્લાસના ટિકિટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એસી ટુના યાત્રીઓને હવે લઘુતમ ૩૦૦ રૂપિયાના બદલે ૪૦૦ રૂપિયા આપવા પડશે. જ્યારે મહત્તમ ૪૦૦ રૂપિયાના બદલે ૫૦૦ રૂપિયા ખર્ચ કરવા પડશે. એગ્ઝેક્યુટિવ શ્રેણીમાં લઘુતમ ભાડામાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. રેલવે યાત્રીઓના ભાડામાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ રેલવે યાત્રા વધારે મોંઘી બની શકે છે. રેલવે દ્વારા તત્કાલ ટિકિટની કિંમત વધારી દેવામાં આવ્યા બાદ આનો વિરોદ થાય તેવી શક્યતા છે. સેકન્ડ ક્લાસની ટિકિટમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવતા આંશિક રાહત થઈ છે. સેકન્ડ ક્લાસ સિટીંગ માટે તત્કાલ બુકિંગ યથાવત રહેશે. આના ભાડા અંતર ઉપર આધારિત ક્રમશઃ લઘુત્તમ અને મહત્તમ તરીકે રૂપિયા ૧૦ અને રૂપિયા ૧૫ રહેશે.

### આઝાદના સમર્થનમાં...

● પહેલા પાનાનું ચાલુ

વડાપ્રધાન મોદીને પણ અપીલ કરી છે. ડીડીસીએમાં ચાલી રહેલા ભ્રષ્ટાચારનો મુદ્દો તેઓએ ઉઠાવ્યો છે. આ અગાઉ પાર્ટીના વરિષ્ઠ નેતાઓને પણ કિર્તી આઝાદ મળ્યા હતા. પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી સાથે પણ બેઠક યોજી હતી. આ ગાળા દરમિયાન યશવંતસિંહા, શાંતાકુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. એમ માનવામાં આવે છે કે, કિર્તી આઝાદને સસ્પેન્ડ કરી દેવાના મુદ્દા ઉપર આ ચારેય દિગ્ગજ નેતાઓ સાથે વાતચીત થઈ હતી. કિર્તી આઝાદે નાણામંત્રી અરુણ જેટલી સામે મોરચો માળી દીધો હતો. ગયા રવિવારના દિવસે પત્રકાર પરિષદ યોજીને જેટલીના નામનો ઉપ્લેખ કર્યા વગર આઝાદે આક્ષેપ કર્યો હતો કે, ડીડીસીએમાં બનાવટી કંપનીઓને કરોડો રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતી. ડીડીસીએમાં ભ્રષ્ટાચારનો આના લીધે ખુલાસો થયો હતો.

# અંબાજીમાં બિનપરવાનગીએ બાંધેલા પાર્ટી પ્લોટને ઉપયોગ બંધ કરવા નોટીસ

અંબાજી, તા. ૨૨ યાત્રાધામ અંબાજી ખાતે અનેક બાંધકામો એવા છે કે જે કોઈ પણ જાતની પરવાનગી લીધા વગર આડેધડ મનસ્વી રીતે બાંધકામો બાંધી દેવાયા છે. એટલુ જ નહી અંબાજીમાં સરકાર હસ્તકના પાંચ ગામ તળાવો પણ ભુમાફીયાઓ ચાવ કરી ગયા છે. ત્યારે કેટકેટલીક જગ્યાએ વિવાધ થતા તંત્ર દ્વારા નોટીસો ફટકારવાની કામગીરી કરવામાં આવી રહી છે. તેવી જ એક અંબાજીના દાંતા રોડ ઉપર રે.સ. નંબર ૫૫/૧ વાળી જગ્યામાં હોટલનું બાંધકામ કરી પાર્ટીપ્લોટ તરીકે ઉપયોગમાં લેવાઈ રહેલી જગ્યા માટે કોઈ પણ જાતની બાંધકામ માટેની પરવાનગી લેવાઈ ન હતી. જેની જાણ અંબાજી ઓડા થતાં અંબાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૩૬ હેઠળ નોટીસ ફટકારીને બાંધકામવાળી જગ્યાનો ઉપયોગ બંધ કરવા જણાવાયું છે. એટલું જ નહી નિયમ ૧૪ અન્વયે કારણ બતાઓ નોટીસ પણ ફટકારવામાં આવી છે. ને જો તેમાં ચુક થાય તો કાયદેસરની કાર્યવાહી કરીને કરેલા બાંધકામને ધરાસાઈ કરવામાં આવે તેવી પણ શંકા સેવાઈ રહી છે. જોકે આ બાબતે જે લોકો દ્વારા આ બાંધકામ કરાયું છે તે લોકો મોટી વગવાળા હોવાથી નોટીસની કોઈજ દરકાર ન કરી આવી નોટીસો તો આવતી રહે તેવી ડંફાસો મારતા પણ જોવા મળ્યા હતા. જોકે સરકારે ખરેખર જે નિયમોને લઈને નોટીસ ફટકારવામાં આવી છે. તેનું કડક પણે અમલ કરવામાં આવે તો અંબાજીમાં થતાં ગેરકાયદેસર બાંધકામો ઉપર રોક લાગી શકે તેમ છે.

## મેઘરજમાં ઈદે મિલાદના જુલુસમાં કોમી એકતાના દર્શન થયા



અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં તા. ૨૪ ડિસેમ્બરના રોજ ઈદે મિલાદૂન્નબી નિમિત્તે અલગ અલગ વિસ્તારમાં જુલુસો ડી.જે સાઉન્ડ સાથે હજારોની સંખ્યામાં હિંદુ-મુસ્લિમ કોમી એકતાના માહોલ વચ્ચે નવી મસ્જિદથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય જુલુસ નીકળ્યું હતું.

# ઊંઝામાં તસ્કરરાજ પોલીસ નિષ્ક્રિય

ઊંઝા, તા. ૨૪ ઊંઝા શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી ગુનાખોરીનું પ્રમાણ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. સમગ્ર વિસ્તારમાં તસ્કરોને જાણે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ છાશવારે નાની મોટી ઘરફોડચોરીઓ તેમજ વાહનચોરીઓના બનાવો દિનપ્રતિદિન વધતા જાય છે. પોલીસ પેટ્રોલીંગના દાવાઓ વચ્ચે તસ્કરોને પોલીસનો કોઈ ડર કે ભય હોય તેમ જણાતુ નથી. તસ્કરો ધોળા દિવસે તેમજ રાત્રે સોસાયટી વિસ્તારોમાંથી દ્વિચક્રી વાહનોની ઉઠાંતરી કરી રહ્યા છે. આ સાથે સોસાયટી વિસ્તારોમાં બંધ મકાનોને નિશાન બનાવી રહ્યા છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન આ વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના તેમજ વાહનચોરીઓના કેટલાયે ગુનાઓ નોંધાયા છે. જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું છે. કહે છે કે મિલકત વિરૂદ્ધના ગુનાઓ તેમજ અન્ય ગુનાઓના ભેદ ઉકેલવામાં તપાસ કરનાર અધિકારી દ્વારા ખાસ કોઈ ખંત કે મહેનત કરવામાં આવતી નથી અને જે ગુનાઓની તપાસમાં આર્થિક લાભ થતો હોય તેમાં ખાસ રસ દાખવવામાં આવે છે. પોલીસને પ્રજાના જાનમાલના રક્ષણની જાણે કંઈ જ પડી નથી તેવી સ્થિતિ સર્જાઈ છે.

બીજુ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં દારૂ, જુગારના અઠ્ઠાઓ, અનૈતિક ધંધાઓ જેવી અસામાજીક પ્રવૃત્તિઓ અનિયંત્રિતપણે ફૂલીફાલી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. કથિત હપ્તાઓની લાલચમાં આવી બદીઓ ચાલવા પાછળ પોલીસતંત્રમાંના જ કેટલાક કથિત ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓનો સીધી કે આડકતરી રીતે ટેકો મળી રહે છે તેવું ચર્ચાય છે.

વેપારીમથક અને યાત્રા સ્થળ ઊંઝા શહેરમાં દારૂ, જુગાર, ક્રિકેટમેચ આધારિત સટ્ટો, અનૈતિક પ્રવૃત્તિઓ જેવી સમાજ વિરોધી બદીઓ કોઈપણ જાતની રોકટોક વિના ધમધોકાર રીતે ચાલી રહ્યાનું લોકમુખે ચર્ચાય છે. શહેરના જુદા જુદા વિસ્તારો તેમજ ઉમિયા માતાજી મંદિરની પાસે દારૂ, જુગારની બદી વકરી ગઈ છે. અહીં કેટલાક નશાખોર તત્વો લોકોને રંજાડતા હોવાની પણ લોક ફરિયાદો ઉઠી છે. સ્થાનિક પોલીસતંત્ર તરફથી અસામાજીક તત્વો વિરૂદ્ધ કડક પગલાં ન ભરાતા આવા તત્વોને છુટો દોર મળી ગયો છે તેવું લોકોમાં બોલાય છે. આ ઉપરાંત પોલીસ મથકમાં પાસપોર્ટના વેરીફિકેશનના કામે તેમજ જરૂરી દાખલાઓ, અભિપ્રાયો આપવામાં સંબંધિત પોલીસ કર્મચારીઓ નાગરિકો પાસેથી ગેરકાયદે નાણાં પડાવતા હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે. આમ સ્થાનિક પોલીસતંત્રમાં ભ્રષ્ટાચારનું દૂષણ વ્યાપક બની ગયું હોવાનું કહેવાય છે.

આ બાબતે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ખાડે ગયેલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુધારવા માટે સત્વરે યોગ્ય ભરવા જરૂરી મનાય છે.